## ફોજદારી ઈન્કવાયરી નં.૪/૨૦૨૬ ના કામે આંક.૧ નીચે હુકમ

હાલની આ ફરીયાદ જશુબેન તે કિશોરભાઈ બાબુભાઈ બારીઆની વિધવા એ કુલ ૫ વ્યક્તિઓ સામે ભા.ન્યા.સં.ની કલમ ૩૧૮(૪), ૩૧૯(૨), ૩૩૬(૧),૩૩૫,૩૩૬(૨)(૩),૩૪૦(૨),૨૨૯ અને ૫૪ પ્રમાણે આપેલ છે. તેમા આ કોર્ટ દ્વારા તા.૧૯-૧-૨૦૨૬ ના રોજ ફરીયાદીનુ સોગંદ પર નિવેદન લીધા બાદ તે જ દીવસે પોલીસ દ્વારા તપાસ થવાનો હુકમ કરવામા આવેલ. જેના લગત પોલીસે આંક.૪ થી તપાસ અહેવાલ રજુ કરેલ છે તેનો અભ્યાસ કરવામા આવેલ છે અને તે લગત ફરીયાદીના વકીલ શ્રી ને સાંભળવામા આવેલ છે. તેઓએ દલીલ કરેલ છે કે ફરીયાદીએ જે ફરીયાદ આપેલ છે તેને ખુદ પોલીસ તપાસના કાગળોથી પણ સમર્થન મળે છે. આ અહેવાલ અને ફરીયાદીએ રજુ કરેલ દસ્તાવેજી પુરાવા વંચાણે લેવામા આવેલ છે. પોલીસ તપાસના કાગળોમા પેઢીનામુ રજુ થયેલ છે અને તે પ્રમાણે હોવા છતા સામાવાળાઓએ કહેવાતા દસ્તાવેજ બનાવેલ છે. આથી સામાવાળાઓ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહીતાની કલમ ૩૩૬(૧), ૩૩૫, ૩૩૬(૨)(૩), ૩૪૦(૨),૨૨૯ અને ૫૪ પ્રમાણેના તહોમત બાબતે વિચારણા કરવા પ્રાથમિક રીતે જરૂરી જણાય છે. આથી નીચે પ્રમાણે હુકમ કરવામા આવે છે.

**૦૦૦ હુકમ ૦૦૦**

૧. ફરીયાદ ફોજદારી ગુના રજિસ્ટરે નોંધવી.

૨. આ કામના સામાવાળાઓ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહીતાની કલમ ૩૩૬(૧), ૩૩૫, ૩૩૬(૨)(૩), ૩૪૦(૨),૨૨૯ અને ૫૪ પ્રમાણે ગુનાનુ સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરવામા આવે છે.

૩. ફરીયાદીએ તમામ આરોપીઓ માટે ફરીયાદ અને દસ્તાવેજી પુરાવાની નકલ પુરી પાડવી ત્યાર બાદ સમન્સ ઈસ્યુ કરવામા આવશે.

૪. આ ઈન્કવાયરી ફેસલ કરવાનો હુકમ કરવામા આવે છે.

તારીખ.૧૬-૪-૨૦૨૬
સ્થળ.શહેરા

(એમ.પી.ચોકસી)
એડી.ચીફ જ્યુ.મેજિ.શહેરા